## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, આ વખતે વાઈબ્રન્ટ ઠંડીમાં અમારા આપેલ ધાબળા ઓછા પડે છે તો તમે વાઈબ્રન્ટમાં વાપરેલા મોટા મોટા પડદા આપશો તો આ લોકોને કામ લાગી જશે....**

# જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી







ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં ૭૦મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉત્સાહ પૂર્વક ઉજવણી સેકટર-૧૧, રામકથા મેદાન, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને સલામી આપી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ?વતંત્ર અખંડ ભારતના નિર્માણ અને દેશને આઝાદી અપાવનાર શહીદોને સલામ અને નમન કરવાના આ પવિત્ર દિવસે શ્રધ્ઘાજલિ આપી તેમના ચરણોમાં શ્રધ્ઘા સુમન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારત દેશને અંગ્રેજોના શાસનમાંથી મુકત કરાવવા માટે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, ભગતસિંહ, ચંદ્રશેખર અને વીર સાવરકર જેવા અનેક નામી- અનામી સ્વંત્રયવીરોના માર્ગદર્શન હેઠળ બારાડોલી સત્યાગ્રહ, ચંપાનેર સત્યાગ્રહ અને આદિવાસી વિસ્તારમાં થયેલા વિવિધ આંદોલનને યાદ કર્યા હતા. આ આંદોલનમાં દેશના તમામ નાગરિકો જ્ઞાતિ- જાતિનો ભેદ ભૂલી માત્ર દેશમાંથી અંગ્રેજોને હાકી કાઢવાના ધ્યેય સાથે જ આંદોલનમાં જોડાયા હતા.

વધુમાં નાયબ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારે રાજયના તમામ ગામડાઓમાં શિક્ષણ, આરોગ્ય, વીજળી, રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ આપી છે. આજે રાજયમાં વ્યક્તિ જન્મ ત્યારથી ૧૦૦ વર્ષનો થાય ત્યાં સુધી આરોગ્ય ક્ષેત્રેની વિવિધ યોજનાઓ કાર્યરત છે. રાજય સરકારે યુવાનો માટે સારા શિક્ષણ માટેની અનેક શાળા-કોલેજા અને યુનિવર્સીટી રાજયમાં કાર્યરત કર્યા છે. યુવાનોને રોજગાર મળી રહે તે દિશામાં પણ રાજય સરકારના સુચારું આયોજનની વાત કરી હતી.

આ પ્રસંગે આવનાર સમયમાં રાજયના પાટનગરની આંતરમાળખાકીય સુવિધા, સ્વચ્છતા, હરિયાળું નગર અને ટેકનોલોજીથી સજજ નગર બનાવવા આગામી સમયમાં નિર્માણ કરવામાં આવશે, તેવું પણ ભારપુર્વક જણાવ્યું હતું.

રાષ્ટ્રીય પર્વ નિમિત્તે નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે જિલ્લાના વિકાસ કાર્યો માટે જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાને રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લામાં રમત ગમત અને અન્ય વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર ૫૧ વ્યક્તિઓનું અને ખેલાડીઓનું નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત વિવિધ વિભાગના ટેબ્લો, પ્લાટૂન દ્વારા માર્ચ પાસ્ટ, ધોડેસવારી, ડૉગ સ્કોડના ખેલ અને બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. માર્ચ પાસ્ટમાં પ્લાટૂસ નંબર- ૧ ને પ્રથમ ક્રમ, ટેબ્લોમાં યુ.જી.વી.સી.એલ.ના ટેબ્લોનો પ્રથમ ક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલ, સેકટર-૨૫, ગાંધીનગરનો પ્રથમ ક્રમ રહ્યો હતો. નાયબ મુખ્ય મંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં થયેલા વિકાસના કામો અને જિલ્લાની રસપ્રદ માહિતી પ્રદાન કરતી ગાંધીનગર જિલ્લા વિકાસ વાટિકા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, રાજય અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા પીઆઈ એલ.ડી. વાઘેલાનો સન્માન સમારોહ



ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા સેવા કેન્દ્ર ખાતેચિલોડા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા જિલ્લા કમાન્ડન્ટ ગાંધીનગર વી.આર. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને હાલ કલોલ શહેર પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.ડી. વાઘેલાનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં બ્રહ્માકુમારી બહેનો દ્વારા મહેમાનોનું તિલક કરી સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ વિશિષ્ટ સન્માન સમારોહમાં ખાસ વિશિષ્ટ કામગીરી અને સેવાઓ કરવા બદલ પી.આઈ. એલ.ડી. વાઘેલાના સન્માન કાર્યક્રમમાં ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. આ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ વી.આર. પ્રજાપતિ, જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડ ગાંધીનગર, કે.ડી. રાજપુત સેન્ટર કમાન્ડર, પ્રદિપસિંહ સોઢા, જી.એમ. પટેલ, દિલિપસિંહ ચાવડા, એન.પી. ભાટી વગેરે દ્વારા એલ.ડી. વાઘેલાને બુકે, પ્રમાણપત્રો, મોમેન્ટો સહિત શાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે એન.પી. ભાટી અને નટુભાઈ પટેલે સન્માનિત પોલીસ અધિકારી એલ.ડી. વાઘેલા અને કે.ડી. રાજપૂતનું સન્માન પત્રનું વાંચન કર્યુ હતુ. ત્યારબાદ સન્માનિત એલ.ડી. વાઘેલા સાહેબ વિશે ઉપસ્થિત મહાનુભાવોએ સુંદર પ્રતિભાવો રજૂ કરી વિશિષ્ટ કામગીરી અને સેવાઓને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. સન્માનિત એલ.ડી. વાઘેલાને અન્ય કર્મચારીઓએ સ્મૃતિચિન્હ આપી સન્માન કર્યુ હતુ.

અંતમાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન.પી. ભાટી તેમજ સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે. તારાદીદીએ આશીર્વચન પાઠવી શુભકામનાઓ પાઠવી હતી. આભારવિધિ ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીએ કરી હતી.

## અવસાન નોંધ

સ્વ. સવિતાબેન અમૃતલાલ ભાવસારનું બેસણું તા. ૨૮ જાન્યુઆરીને સોમવારના રોજ સવારના ૮ થી ૧૧ નીચેના સ્થળે પ્લોટ નં. ૧૪૨-૨ સેકટર-૬ બી, ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર પાસે રાખવામાં આવેલ છે.

## સે-૫ વસાહત મંડળ દ્વારા ૭૫ વડીલોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

૨૬મી જાન્યુઆરી ગણતંત્રના દિવસે ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે આવેલા ગાર્ડન ખાતે બપોરે ૩.૩૦ કલાકે સેકટર-૫ વસાહત મંડળ દ્વારા સેકટરના વડીલોને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે શહેરના આગેવાનો, મંડળના સભ્યો સહિત વસાહતી ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં સેકટરના ૯૫ વડીલો, યુવાનો, અને સેવાકીય પ્રવૃતિ કરતા નાગરીકોનું સન્માનપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

સેકટર-૫ વસાહત મંડળ દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીને શનિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે સે-૫ ગાર્ડનમાં સેકટર-૫ ના ૭૫ વર્ષ ઉપરના તમામ વડીલોને ગણતંત્ર દિવસની ઉજવણીના ભાગરુપે શાલ ઓઢાડી સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું. ઉપરાંત સેકટરના રમત-ગમત ક્ષેત્રે વિશિસ્ટ સિધ્ધીઓ હાંસલ કરનાર અને જાહેર સેવાકીય કાર્યોમાં નિસ્વાર્થ સેવાઓ આપતા સેવાભાવી વડીલોનું પણ સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે મનપાના ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા,અતિથી



વિશેષ તરીકે ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ તેમજ મહેમાનો વિક્રમસિંહ ખાચર, પ્રદિપસિંહ બિહોલા, પ્રેમલસિંહ ગોલ, ઘનશ્યામસિંહ ચૌહાણ, સી.એમ.વર્મા, વગેરે હાજર રહ્યા હતા. અને ૭૫ વડીલો તેમજ ૨૦ રમત-ગમત ક્ષેત્રે સિધ્ધીઓ હાંસલ કરનાર યુવાનો તેમજ નાગરીકોને બુકે, શાલ ઓઢાડી પ્રોત્સાહીત ઈનામ આપી સન્માનિત કરાયા હતા. જયારે ૧૧૧ વખત બ્લડ ડોનેશન, ૩૦૦ ચક્ષુદાન સેવા, બિનવારસી મૃતદેહના અગ્નિ સંસ્કાર, તેમજ વૃધ્ધાશ્રમમાં સક્રિય સેવાઓ આપનાર નિલેન્દુ વોરાનું ભવ્ય સ્વાગત કરાયું હતું.જયારે નાટક, સ્પર્ધાઓમાં હસમુખ મેકવાન, ધાર્મિક ક્ષેત્રે નિરુબેન નાયક, તેમજ વડીલોને સવારે યોગ કરાવનાર સુરેન્દ્રસિંહ વાઘેલાનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ વસાહતની પ્રવૃતિઓને બિરદાવી હતી અને વડીલોના આદરભાવ સાથે સન્માન જળવાય તેમ જણાવ્યું હતું. તેમજ ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલે જણાવ્યું હતું કે સેકટરના વયોવૃધ્ધ વડીલોના સન્માન કાર્યક્રમની વિચારધારને બિરદાવી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓએ તન મન અને ધનથી સાથ અને સહકાર આપવા જણાવ્યું હતું. તે ઉપરાંત તમામ આમત્રિત મહેમાનોએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મહામંત્રી નરેશ પરમાર, સહિત વાસુદેવભાઈ મિસ્ત્રી, વિનોદ ભટ્ટ, ઈશ્વરભાઈ પટેલ, હિમાંશુ ભટ્ટ, સમરથદાન ગઢવી, જયેશ શુકલ, ઘનશ્યામસિંહ ગોલ, વિષ્ણુભાઈ પ્રજાપતિ, પ્રવિણ સોની, નટુભા જાડેજા, મુળસિંહ ચાવડા, વગેરે હોદેદારોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



ચાણક્ય કિડસ સ્કૂલ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી. જેમાં નાના ભુલકાઓએ વિવિધ વેશભુષામાં સજજ થઈને જનજાગૃતિ માટે પ્રજાજનોને પ્રતિજ્ઞા લેવડાવી હતી. જેમાં હું પાણીનો બગાડ કરીશ નહી, અમે દેશની રક્ષા કરીશું, સ્વચ્છતા રાખીશું, વડીલોનું સન્માન કરીશું અને વૃક્ષોની માવજત કરશું. જયારે નાના બાળકોની આ પ્રતિજ્ઞા હોંશે હોંશે શહેરના નાગરીકોએ લીધી હતી.



## નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદન

ગાંધીનગર નજીક આવેલા નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના શિક્ષકો તેમજ બાળકો ખુબ જ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# સિંહોના સ્થળાંતર માટે એમ.પી.માં ફરી હિલચાલ - કમલનાથ સરકારે કેન્દ્ર પાસે ૪૦ સિંહ માગ્યા



- ગૌતમ પુરોહિત

વિધિની વક્રતા જોવા જેવી છે. મધ્યપ્રદેશની ભાજપ સરકારે સિંહો માટેની કુનો પાલપુરમાં એક વિશાળ ચેન્ચ્યુરી બનાવી છે. આ સેન્ચ્યુરીમાં ભાજપની શિવરાજસિંહ સરકારની ગણતરી એવી હતી કે નવી સેન્ચ્યુરીમાં ૫૦૦ સિંહ એક સાથે વસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે. આ કામગીરી તેમના સમયમાં પૂર્ણ કરવામાં આવી પરંતુ પાંચ વર્ષમાં સિંહો તો વસ્યા નહીં પરંતુ શિવરાજ 'સિંહ'નું ઘર બદલાઈ ગયું. હવે કોંગ્રેસની સરકાર આવી છે. મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકારના વન અને પર્યાવરણ વિભાગે એક પત્ર લખીને કેન્દ્રની મોદી સરકાર સમક્ષ એવી માગણી કરી છે કે મધ્યપ્રદેશમાં સિંહોને અનુકૂળ જંગલ ઉભું થયેલું છે પરંતુ તેમાં સિંહ નથી તેથી ગુજરાત ને કહો કે-- મધ્યપ્રદેશને સિંહો આપે. સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે અમને સિંહો મળવા જોઈએ. સુપ્રીમ કોર્ટે ૨૦૧૩માં કહ્યું હતું કે ગુજરાતના સિંહો પર મોટું જોખમ આવે-- જેવું કે જંગલમાં આગ લાગે, વાયરસ ફેલાય કે અન્ય કોઈ કારણોસર મોટી સંખ્યામાં સિંહો મૃત્યુ પામે તો-- એશિયાટીક લાયનનું અસ્તિત્વ ભૂંસાઈ શકે છે. આ સ્થિતિથી બચવા માટે કેટલાક સિંહોને બીજા રાજ્ય એટલે કે માગણી પ્રમાણે મધ્યપ્રદેશમાં ખસેડવા જોઈએ. કુનો પાલપુરમાં ભાજપના શિવરાજસિંહના શાસનમાં ૨૪ ગામોમાંથી ૧૫૪૩ પરિવારોને ટ્રાન્સફર કરવા માટે ૧૪.૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે, પરંતુ આ અભ્યારણ્યમાં આજ સુધી એક પણ સિંહ આવ્યો નથી. મધ્યપ્રદેશની કમલનાથની સરકારે ગુજરાત પાસે ૪૦ સિંહ માગ્યા છે. મોદી સરકારે ભાજપની સરકાર માટે તો સિંહોના સ્થળાંતરની તરફેણ કરી નથી પરંતુ હવે જોવાનું એ રહે છે કે-- મોદી સરકાર કોંગ્રેસના કમલનાથને સિંહ આપે છે કે નહીં!

## જિલ્લા અને રાજ્યના વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરબદલની સંભાવના, વાયબ્રન્ટના ઘડવૈયાં બદલાશે

**હાર્દિકને લગ્નની જેલ, હવે લોકસભામાં પ્રશ્નાર્થ...**

ગુજરાતના પાટીદાર અનામત આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલ અને કિંજલ લગ્નના બંધને બંધાયા છે. હાર્દિકને હવે સરકારી નહીં ઘર ની જેલની સજા થઈ છે. આ સજા તો લાંબી ચાલશે પરંતુ હાર્દિકની રાજકીય કેરિયરનું શું થશે તેવો પ્રશ્ન પાટીદાર યુવા નેતાઓને સતાવી રહ્યો છે. કેન્દ્રની મોદી સરકારે નબળાં સવર્ણો માટે ૧૦ ટકા અનામતનો લાભ તો આપી દીધો છે ત્યારે હાર્દિક પટેલનું અનામત માગવાનું આંદોલન હવે રહેતું નથી. હાર્દિકને ભાજપનો વિરોધ કરવા માટે અલગ સ્ટ્રેટેજી બનાવવી પડશે, કેમ કે ૧૦ ટકા નબળાં સવર્ણોમાં પાટીદારો પણ આવી ગયા છે. ગુજરાત સરકારે તો નોકરી તેમજ શિક્ષણમાં આર્થિક અનામતનો પ્રારંભ પણ કરી દીધો છે. થોડાં સમય પહેલાં કહેવાતું હતું કે હાર્દિક પટેલ લોકસભાની ચૂંટણી લડશે પરંતુ હવે તેના નવા નવા લગ્ન થયા છે તેથી તેના આ પ્લાન પર હાલ તો પ્રશ્નાર્થ મૂકાઈ ગયું છે. સવાલ એ થાય છે કે નવા લગ્ન છે ત્યારે હાર્દિક લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર બની શકશે. ચૂંટણી પ્રચારમાં જઈ શકશે. રાજનીતિમાં સમય ફાળવી શકશે કે કેમ એવા અનેક સવાલો ઉભા થયા છે. જો કે આ સવાલોનો જવાબ કેવળ હાર્દિક પટેલ જ આપી શકે છે.

**કોંગ્રેસ વહેલા ઉમેદવારો જાહેર કરશે-- વોટ અ જોક...**

## કોંગ્રેસના કાર્યકરોને વિશ્વાસ રહ્યો નથી કે તેમના સ્થાનિક નેતાઓ લોકસભાના કેન્ડિડેટ વહેલા જાહેર કરે

કહેવાઈ રહ્યું છે કે ગુજરાત કોંગ્રેસ તેના લોકસભાના ઉમેદવારો વહેલા જાહેર કરશે. કોંગ્રેસના ગુજરાત પ્રભારી રાજીવ સાતવ પણ કહે છે કે આ વખતે અમે ગુજરાતના ઉમેદવારો અમે વહેલા જાહેર કરીશું. તેમના આ વિધાનથી નવાઈ લાગે છે, કારણ કે વિધાનસભાની ચૂંટણી વખતે પણ કોંગ્રેસે જાહેર કર્યુ હતું કે અમે ચૂંટણીના છ મહિના પહેલાં ઉમેદવારો જાહેર કરી દઈશું પરંતુ કોંગ્રેસે છેક છેલ્લી ઘડીએ ઉમેદવારોની યાદી ટુકડે ટુકડે જાહેર કરી હતી. કોંગ્રેસના કાર્યકરો પણ આ જાહેરાતને જોક માની રહ્યાં છે, કેમ કે તેમને વિશ્વાસ નથી કે અમારા નેતાઓ લોકસભાની ચૂંટણીના એક મહિના પહેલાં પણ ઉમેદવાર જાહેર કરી શકે. જો તેમ થશે તો કોંગ્રેસ માટે સોનેરી સુરજ ઉગશે. ચૂંટણીમાં વહેલા ઉમેદવાર જાહેર કરવાથી ફાયદો એ થાય છે કે કોઈપણ ઉમેદવાર સામે કોઈને વાંધો હોય તો સમજાવટ માટે પુરતો સમય મળી રહે છે, બીજો મોટો ફાયદો એ છે કે ઉમેદવારને ચૂંટણી પ્રચાર માટે વધુ સમય મળે છે, પરંતુ હકીકતમાં કોંગ્રેસને આ સ્થિતિ જોઈતી નથી. ૧૯૯૫ પછીની તમામ ચૂંટણીમાં કોંગ્રેસે ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે નામો જાહેર કરેલા છે. મોડા નામો જાહેર કરવામાં પણ કોંગ્રેસને પારવધા નેતાઓ એવી દલીલ કરે છે કે-- ભાજપ ક્યા ઉમેદવારને મૂકે છે તે પછી અમે ઉમેદવાર નક્કી કરીએ છીએ. એક બાબત સ્પષ્ટ છે કે કોંગ્રેસની વિલંબની નીતિના કારણે ભાજપના ઉમેદવાર ચૂંટણીમાં મેદાન મારી જાય છે.

**હવે રાજ્યના વહીવટી તંત્રમાં બદલીની મોસમ આવશે...**

લોકસભાની ચૂંટણીને આડે માત્ર ત્રણ મહિનાનો સમય બાકી છે ત્યારે રાજ્યના વહીવટી તંત્રમાં ફેરબદલ આવી રહ્યાં છે. સરકારે તાજેતરમાં પોલીસ વિભાગમાં મોટાપાયે બદલીઓ કરી છે. હવે પોલીસના સિનિયર અધિકારીઓની બદલીઓ તોળાઈ રહી છે. જિલ્લા પોલીસ વડા, શહેરોના પોલીસ કમિશનરો સાથે પોલીસ ભવનના ઓફિસરોની પણ બદલીઓ થવાની સંભાવના છે. બીજી તરફ ગુજરાતના વહીવટી તંત્રમાં જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, નાયબ કલેક્ટરો તેમજ સચિવાલયના વિવિધ વિભાગો અને બોર્ડ-કોર્પોરેશનના વડાઓની બદલીઓ થવાની શક્યતા છે. વાયબ્રન્ટ સમિટ જેમના માથે હતું તે ઉદ્યોગ અને તેને સંલગ્ન વિભાગો તેમજ જાહેર સાહસોમાં મોટાપાયે બદલીઓ થવાની છે. સામાન્ય વહીવટ વિભાગના સૂત્રો કહે છે કે રાજ્યના વહીવટી તંત્રમાં કુલ ૨૫૦થી વધુ બદલીઓ થશે જે પૈકી સિનિયર આઈએએસની ૪૦થી વધુ બદલીઓ છે. જિલ્લા વહીવટી તંત્રમાં ૧૫૦થી વધુ ટ્રાન્સફરો આવી રહી છે. ગુજરાત સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરવાની નહીં હોવાથી આ બદલીઓના ઓર્ડરમાં કોઈ ફરક પડવાનો નથી, કેમ કે રાજ્યનું સંપૂર્ણ બજેટ લોકસભાની ચૂંટણી પછી જુલાઈ મહિનામાં આવશે. સૂત્રો કહે છે કે ભારતનું ચૂંટણી પંચ માર્ચ મહિનાના પહેલા સપ્તાહમાં ચૂંટણીની તારીખ જાહેર કરી શકે છે તેથી ગુજરાત સરકાર માટે હવે એકમાત્ર ફેબ્રુઆરી મહિનો જ બાકી રહે છે.

**૬૫ હજાર કરોડનું લેખાનુદાન, બાકીના જુલાઇમાં...**

ગુજરાત વિધાનસભાના સત્રમાં સંપૂર્ણ બજેટ નહીં પરંતુ વોટ ઓન એકાઉન્ટ એટલે કે લેખાનુદાન લેવામાં આવશે. જેને વચગાળાનું બજેટ પણ કહેવામાં આવે છે. આ લેખાનુંદાન રાજ્યના સંપૂર્ણ બજેટ પૈકીનો ત્રીજો હિસ્સો હશે. નાણાં વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે ૨૦૧૯-૨૦ના સામાન્ય બજેટનું કદ બે લાખ કરોડ રૂપિયા હોઈ શકે છે. આ કુલ બજેટના ત્રીજા ભાગના એટલે કે ૬૩ હજાર થી ૬૫ હજાર કરોડ રૂપિયાનો ચાર મહિનાનો ખર્ચ ૧૮મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા સત્રમાં મંજૂર કરવામાં આવે તેવી સંભાવના છે. લોકસભાની ચૂંટણીના વર્ષમાં ગુજરાતના સામાન્ય બજેટનું કદ વધી શકે છે. ગુજરાત સરકાર તેનું સંપૂર્ણ બજેટ જુલાઈ ૨૦૧૯માં રજૂ કરશે. ૨૦૧૪માં ગુજરાત સરકારે સંપૂર્ણ બજેટ રજૂ કરવાની જગ્યાએ લેખાનુદાન લીધું હતું તેવી જ રીતે આ વખતે પણ લેખાનુદાન લેવામાં આવશે. ગુજરાતના બજેટનો પણ રસપ્રદ ઈતિહાસ છે. ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે પ્રથમ બજેટ ગુજરાતના મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાએ રજૂ કર્યું હતું. તે સમયે આખા બજેટનું કદ માત્ર ૧૧૫ કરોડ રૂપિયા હતું. ૨૨મી ઓગષ્ટ ૧૯૬૦માં તેમણે બજેટ રજૂ કર્યું હતું. ગુજરાત સરકારે છેલ્લે ૨૦૧૮-૧૯માં જે સામાન્ય બજેટ રજૂ કર્યુ હતું તેનું કદ ૧.૮૨ લાખ કરોડ હતું. બન્ને બજેટ વચ્ચેનો તફાવત ખૂબ મોટો છે.



**હવે ખેડૂતો માટે પણ વાયબ્રન્ટ થાય તો સારૂં...**

ગુજરાતમાં ઉદ્યોગો માટે નવ વાયબ્રન્ટ સમિટ થયાં છે પરંતુ હવે ખેડૂતો માટે વાયબ્રન્ટ સમિટ થાય તો સારૂં એવું કૃષિ વિભાગના એક અધિકારીનું કહેવું છે. તેઓ કહે છે કે-- ગુજરાતે ઉદ્યોગને બહું આપ્યું છે પરંતુ હવે ખેડૂતોને પણ આપવું જોઈએ. કૃષિમેળામાં ખેડૂતોને વધારે રસ પડતો નથી તેથી હવે ખેડૂતોને એક જ જગ્યાએ એકત્ર કરી તેમની સમૃદ્ધિ માટે સરકારે વિચારવું જોઈએ. આપણે ઉદ્યોગો માટે ટ્રેડ શો કરીએ છીએ પરંતુ એગ્રીકલ્ચરની પ્રોડક્ટ્સ માટે પણ આવા ટ્રેડ શો થવા જોઈએ. ગુજરાત સરકારે ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપ્યો છે ત્યારે તેના માટે અલગ વાયબ્રન્ટ કરવામાં આવે તો ખેડૂતોને પણ વૈશ્વિક બજારનો લાભ મળી શકે છે. આ અધિકારીએ કહ્યું હતું કે-- તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૩ની વાયબ્રન્ટ સમિટમાં કહ્યું હતું કે આપણે બે વર્ષે એકવાર વાયબ્રન્ટ સમિટ કરીએ છીએ તેમ બે વર્ષમાં એકવાર એગ્રી સમિટ કરવી જોઈએ. એ સમયે સરકારના અધિકારીઓએ મોદીનો પડ્યો બોલ ઝીલીને એગ્રી સમિટ તો કરી દીધી પરંતુ પછીના વર્ષોમાં સરકાર આવી સમિટ કરી શક્યું નહીં. ઉદ્યોગોની જેમ ખેડૂતોને પણ વૈશ્વિક બજાર જોઈએ છે ત્યારે એક જ પ્લેટફોર્મ પર તેમને બધું મળી રહે તે દિશામાં વિજય રૂપાણીની સરકારે વિચારવું જોઈએ.

## જુલાઇનું બજેટ બે લાખ કરોડને પાર હશે પરંતુ ચાર મહિનાનું લેખાનુંદાન ૬૫ હજાર કરોડ હોઇ શકે છે

**સરસ્વતી નદી અને જયનારાયણ વ્યાસ...**

ભાજપના સિનિયર નેતા જયનારાયણ વ્યાસ લખે છે કે-- એક જમાનો હતો જ્યારે સરસ્વતી નદીમાં હોડીઓ ચાલતી હતી. જ્યારે પાટણ ઉપર ચાવડા અને સોલંકી વંશની ગાદી તપતી હતી, જ્યારે આનર્તના મહાશક્તિશાળી રાજ્યની રાજધાની તરીકે પાટણનો સૂર્ય મધ્યાહને હતો ત્યારે ખોદેલી ખાઈમાં સરસ્વતીનાં નીર હિલોળા લેતાં અને સરસ્વતી નદીમાં નાવડીઓ ચાલતી તેનો ઉલ્લેખ કનૈયાલાલ મુનશીએ એક કરતાં વધુ વખત પોતાની નવલકથાઓમાં કર્યો છે. એક જમાનામાં સરસ્વતી નદીમાં કેટલું પાણી વહેતું હશે અને એનો જળ માર્ગ તરીકેનો ઉપયોગ થતો હશે એ બાબતે સાંયોગિક પુરાવા જોડવા માટે પાટણ સાથે જોડીને સરસ્વતી નદીનો વ્યાપ તેમજ તેમાં વહેતા જળ રાશીની વિપુલતા સમજાવવાનો વ્યાસજી એ પ્રયત્ન કર્યો છે. પ્રાચીન માન્યતાઓ પ્રમાણે સરસ્વતી અરવલ્લીની ગિરિમાળામાંથી નીકળી ઉત્તર ગુજરાતના 'સિદ્ધપુર' સ્થળ પાસેથી નીકળે છે અને કચ્છના રણમાં જઈ સમાઈ જાય છે, એટલે તે કોઈ સાગર કે મહાસાગરને મળતી નથી તેથી તેને કુંવારિકા પણ કહેવામાં આવે છે. મહાભારતમાં સરસ્વતીને લગતાં ત્રણ સંગમ કહેવાયા છે. બીજી તરફ રત્નમણિરાવ ભીમરાવ જોટેએ વૈદિક સરસ્વતીને ખંભાતના અખાતમાં ભળતી બતાવી છે. આ એક એવી નદી છે કે જેમાં અનેક સંશોધન થયાં છે પરંતુ હકીકત એ છે કે ઉત્તર ગુજરાતમાં રચાયેલું 'સરસ્વતીપુરાણ' એ સરસ્વતી નદીના માહાત્મ્યનો ગ્રંથ છે. ૧૮૯૩માં ભારતીય સર્વેક્ષણ ખાતાના ભૂસ્તરશાસ્ત્રી સી.એફ.ઓલ્ડહામે તેમના આ નદી અભ્યાસના નિચોડરૂપે જણાવેલું કે રાજસ્થાનના રણની ધારેધારે જે સૂકો પટ મળી આવેલો તે સરસ્વતી નદીનો હોવો જોઈએ. સરસ્વતી નદી માટે જેટલું સંશોધન કરીએ એટલું ઓછું છે તેમ વ્યાસજી કહે છે.